જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૧/૧૧/૨૦૨૫ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૫૮૮/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૬ કેસ કરી, ૨૫ વ્યક્તિઓને ઝડપી, ૬૬ લીટર દેશી દારૂ, ૨૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૧ કાર અને ૦૧ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૫,૩૫૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૫૮૯/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૯૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.તેમજ પ્રોહી.૯૩ હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૫૯૦/૨૦૨૫**

વાડજઃ હસમુખભાઇ ખીમજીભાઇ વાઘેલા (ઉ.વ.૫૨)(રહે.પુરૂષાર્થીનગર, ઝવેરી પાર્ક સામે, જુના વાડજ) એ તા.૧૦/૧૧/૨૦૨૫ ના રોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૦૮/૨૦૨૫ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે જુના વાડજ પુરૂષાર્થીનગર ઝવેરીપાર્ક સામે વિહત પાન પાર્લર ખાતે એક મોટર સાયકલ ઉપર આવેલ અજાણ્યો પુરૂષ જેણે પોતાની ઓળખ પેટીએમ કંપનીના એમ્પલોય તરીકે આપી, હસમુખભાઇને "તમારા પેટીએમ લોનનો હપ્તો ઓછો કરાવી આપુ?" તેમ કહી હસમુખભાઇની નજર ચુકવી તેમના મોબાઇલ દ્વારા તેમના બેંક ઓફ બરોડાના ખાતામાંથી ઓનલાઇન રૂપિયા ૪૮,૦૦૦/– અને ૪૫,૦૦૦/– મળી કુલ રૂપિયા ૯૩,૦૦૦/– નું ટ્રાન્ઝેકશન કરી લઇ, હસમુખભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.આર.ડાંગર ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૫૯૧/૨૦૨૫**

ચાંદખેડાઃ ધીરિનભાઇ કાંતીલાલ શાહ (ઉ.વ.૫૧)(રહે.કીયારા ઓપ્યુલ્ન્ટ, મોટેરા) એ તા.૧૦/૧૧/૨૦૨૫ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૧૦/૨૦૨૫ ના રોજ પોતાના ઘરે ગેટ–ટુ–ગેધર નો કાર્યક્રમ રાખેલ હતો જેમા ધીરિનભાઇના સગા–સંબંધીઓ, મિત્રો તથા પડોશીઓને આમંત્રિત કરેલ હતા જે કાર્યક્રમ સાંજના ૭/૪૫ વાગ્યા થી રાતના ૧૧/૩૦ વાગ્યા સુધી ચાલેલ હતો. ત્યારબાદ તા.૨૬/૧૦/૨૦૨૫ બપોરના ૨/૧૦ વાગ્યાના સુમારે ધીરિનભાઇની પત્નિ મનીષાબેન ને તેમની ભાભીની કાનની બુટ્ટી બેડરૂમમાંથી મળી આવતા, આ બાબતે ભાભી અને ધીરિનભાઇની પત્નીએ ભેગામળી બેડરૂમોના કબાટોના ડ્રોઅર ખોલી જોતા તેમાંથી સોનાના દાગીના કુલ કિંમત રૂપિયા ૧,૭૩,૧૨૫/– મતાના અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ શ્રી એસ.વી.પાંડે ચલાવે છે.

બોડકદેવઃ મીતેશભાઇ જયેનભાઇ ઠક્કર (ઉ.વ.૫૫)(રહે.બંગલા નંબર-૫, વૃંદાવન વિલા-૭, કલ્હાર એક્જોટીકા પાછળ, સાયન્સ સીટી, સોલા) એ તા.૧૦/૧૧/૨૦૨૫ ના રોજ બોડકદેવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૩/૧૦/૨૦૨૫ બપોરના ૩/૦૦ થી તા.૩૧/૧૦/૨૦૨૫ કલાક ૧/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના રસોડાની બારી તથા ગ્રીલ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી ચાંદીની વાટકી, ચાંદીનો લક્ષ્મીજીનો સિક્કો, ચાંદીના કમળ નંગ-૨ અને રોકડ રૂપિયા ૧,૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૫૬,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વાય.વાય.ચૌહાણ ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૧૫૯૨/૨૦૨૫**

વસ્ત્રાપુરઃ જયાબહેન ભરતભાઇ પટેલ (ઉ.વ.૬૭)(રહે.આદિત્ય એપાર્ટમેન્ટ સુરધારા સર્કલ પાસે, સાલ હોસ્પીટલ સામે, થલતેજ) એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૧૧/૨૦૨૫ સવારના ૧૦/૩૦ થી બપોરના ૧૨/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન "જી.જે.હોમ ક્લીનીંગ વાળા" માંથી પોતાના ઘરની સાફ સફાઇ કરવા માટે આવેલ ત્રણ અજાણ્યા પુરૂષએ ભેગામળી જયબહેનના ઘરમાં કબાટમાંથી (૧) સોનાની બુટ્ટીવાળો સેટ કિંમત રૂપિયા ૧,૬૦,૦૦૦/- (૨) સોનાનું અમેરીકન ડાયમંડવાળુ બ્રેસલેટ કિંમત રૂપિયા ૧,૨૦,૦૦૦/- (૩) સોનાની બંગડી કિંમત રૂપિયા ૮૦,૦૦૦/- અને (૪) સોનાનું પેન્ડલ કિંમત રૂપિયા ૪૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪,૦૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગયા હતા. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી હાર્દિકભાઈ મયુરભાઇ ચલાવે છે.

સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયાઃ- **સમાચાર યાદી નં.૧૫૯૩/૨૦૨૫**

ઇસનપુરઃ હર્ષભાઈ સ/ઓ કમલેશભાઈ શાહ (ઉ.વ.૩૭)(રહે.આનંદવાડી સોસાયટી, અન્યય બંગ્લોઝની બાજુમાં, ઈસનપુર) તા.૧૦/૧૦/૨૦૨૫ સવારના ૫/૦૦ વાગ્યાના સુમારે મંગ્લેશ્વર મહાદેવ મંદિરથી આવકાર હોલ તરફ જતા ગીતાકૃપા સોસાયટી નજીકથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક કાળા રંગના મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ હર્ષભાઇ શાહના ગળામાંથી સોના તથા પ્લેટિનીયમ ધાતુ વાળી ચેઇન કિંમત રૂપિયા ૯૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ હર્ષભાઈ શાહ એ તા.૧૦/૧૧/૨૦૨૫ ના રોજ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.જી.ચારણ ચલાવે છે.

ટ્રેઇનની અડફેટે આવી જતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૧૫૯૪/૨૦૨૫**

સાબરમતીઃ સંજયભાઇ સ/ઓ મુકેશભાઈ પરમાર (ઉ.વ.૩૩) (રહે.વિવેકાનંદનગર ગુજરાત હાઉસીંગ બોર્ડ શિવશક્તિનગર પાસે ચાંદખેડા) તા.૧૦/૧૧/૨૦૨૫ ના કલાક ૩/૨૫ વાગ્યાના સુમારે કલોલ-અમદાવાદ રેલવે ટ્રેક કિમી પોલ નંબર ૭૭૬/૩૩-૩૧ વચ્ચે ટ્રેઇનની અડફેટે આવી જતા ગંભીર ઇજાઓ થતા તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વાલસિંહ જીતેન્દ્રસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી